# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 30-06-2025** **EVENING: 7.50 TO 8.00**

**Day : MONDAY** **National News**

## આકાશવાણી સમાચાર મિત્તલ પટેલ વાંચે છે.

****************************************************

1) રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂએ જણાવ્યું કે, AIIMSની મેડિકલ સારવાર વ્યવસ્થાએ સમગ્ર વિશ્વમાં ભારતની છબીને વધુ મજબૂત બનાવી છે
2) સહકારી ક્ષેત્રમાં સુધારાઓને વેગ આપવા માટે દિલ્હીમાં કેન્દ્રીય સહકાર મંત્રી અમિત શાહનાં અધ્યક્ષપદે 'મંથન બેઠક' યોજાઈ
3) હૈદરાબાદમાં એક ફાર્મા કંપનીમાં વિસ્ફોટમાં 12 શ્રમિકોનાં મૃત્યુ અને 26ને ઇજા
4) નાણાકીય વર્ષ 2024-25માં ચીજવસ્તુ અને સેવા કર-GSTની વસૂલાત 9.4 ટકા વધીને 22 લાખ 80 હજાર કરોડ રુપિયા થઈ
5) લંડનનાં ઓલ ઇંગ્લેન્ડ ક્લબમાં વિમ્બલ્ડન 2025નો પ્રારંભઃ ભારતનાં ચાર ખેલાડીઓ ડબલ્સમાં ભાગ લેશે

.....................................................................

સમાચારને અંતે (આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા )

(હવે પછી આપ આવતીકાલે સવારે સાત વાગીને 10 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો)

## President aiims Gorakhpur

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂએ જણાવ્યું છે, ઓલ ઇન્ડિયા ઇન્સ્ટિટ્યૂટ ઓફ મેડિકલ સાયન્સિસ-AIIMSની મેડિકલ સારવાર વ્યવસ્થાએ સમગ્ર વિશ્વમાં ભારતની છબીને વધુ મજબૂત બનાવી છે.

AIIMS, ગોરખપુરનાં પ્રથમ પદવીદાન સમારોહને સંબોધતા સુશ્રી મુર્મૂએ જણાવ્યું કે, મેડિકલ ટુરિઝમની દ્રષ્ટિએ ભારત મહત્વપૂર્ણ દેશ બની ગયો છે. વિશ્વનાં તમામ દેશોની સરખામણીમાં ભારતમાં સસ્તી મેડિકલ સારવાર ઉપલબ્ધ છે. મેડિકલ ક્ષેત્રમાં એઇમ્સની કામગીરીની પ્રશંસા કરતા રાષ્ટ્રપતિએ આ મુજબ જણાવ્યુઃ

**(BYTE - DRAUPADI MURMU ON AIIMS)**

અગાઉ, ઉત્તરપ્રદેશના બરેલીમાં ભારતીય પશુ ચિકિત્સા સંશોધન સંસ્થાના પદવીદાન સમારોહને સંબોધતા રાષ્ટ્રપતિએ ગ્રામ્ય ક્ષેત્રોમાં પશુ ચિકિત્સા દેખરેખના મહત્વ પર ભાર મૂક્યો. તેમણે જણાવ્યું કે, પશુઓનું યોગ્ય સમયે આરોગ્ય નિદાન કરવા ગામડાઓમાં નિયમિત પશુ આરોગ્ય મેળાઓ યોજવા જોઇએ.

. . . . . . . . . .

## MEA-PM-VISIT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી બુધવારથી ઘાના, ત્રિનિદાદ અને ટોબેગો, આર્જેન્ટિના, બ્રાઝિલ અને નામીબિયાની મુલાકાતે જશે. નવી દિલ્હીમાં પત્રકાર પરિષદને સંબોધતા વિદેશ મંત્રાલયમાં આર્થિક સંબંધોના સચિવ દમ્મુ રવિએ જણાવ્યું હતું કે, પ્રધાનમંત્રી તેમની પાંચ દેશોની યાત્રાના પ્રથમ તબક્કામાં 2 અને 3 જુલાઇનાં રોજ ઘાનાની મુલાકાત લેશે. શ્રી મોદીની ઘાનાની આ પ્રથમ મુલાકાત છે.

તેમણે જણાવ્યું કે, શ્રી મોદી ઘાનાના રાષ્ટ્રપતિ સાથે વાતચીત કરશે. બંને દેશો મજબૂત દ્વિપક્ષીય ભાગીદારીની સમીક્ષા કરશે અને આર્થિક, ઊર્જા અને સંરક્ષણ સહયોગ તથા વિકાસ સહયોગ ભાગીદારી વધારવા માટેનાં ઉપાયો પર ચર્ચા કરશે.

. . . . . . . . . . .

# MANTHAN BETHAK AMIT SHAH

કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી અમિત શાહે નવી દિલ્હીમાં ભારત મંડપમ ખાતે 'મંથન બેઠક' ની અધ્યક્ષતા કરી હતી. સહકારી ક્ષેત્રમાં સુધારાઓને વેગ આપવા માટે યોજાયેલી આ બેઠકમાં તમામ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોના સહકાર મંત્રીઓ  ઉપસ્થિત રહ્યા હતા.

આંતરરાષ્ટ્રીય સહકારી વર્ષ 2025ની ભારતની ઉજવણીનાં ભાગરૂપે યોજાયેલા આ સત્રનો ઉદ્દેશ કેન્દ્ર-રાજ્ય સહયોગને ગાઢ બનાવવાનો, મુખ્ય યોજનાઓની સમીક્ષા કરવાનો અને દેશભરમાં પાયાના સ્તરે સંચાલિત સહકારી વિકાસ માટે વ્યૂહાત્મક યોજના તૈયાર કરવાનો હતો.

આ બેઠકમાં બે લાખ નવી બહુહેતુક પ્રાથમિક કૃષિ ધિરાણ મંડળીઓની રચના, ડેરી અને મત્સ્યોદ્યોગ સહકારી મંડળીઓનું વિસ્તરણ અને આજીવિકા સુધારવા માટે ગ્રામીણ સેવા વિતરણને મજબૂત કરવા જેવી મુખ્ય પહેલો પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું હતું.

. . . . . . . . . .

# REVISE TELANGANA BLAST

હૈદરાબાદના સાંગારેડ્ડી જિલ્લામાં એક ફાર્મા કંપનીમાં વિસ્ફોટમાં ઓછામાં ઓછા 12 શ્રમિકોનાં મૃત્યુ થયા છે અને 26ને ઇજા થઈ છે. ઔદ્યોગિક વિસ્તારમાં સિગાચી ઇન્ડસ્ટ્રી નામની ફેક્ટરીમાં વિસ્ફોટથી ભારે આગ ફાટી નીકળી હતી. રાષ્ટ્રીય આપત્તિ પ્રતિભાવ દળ NDRF - અને રાજ્ય આપત્તિ પ્રતિભાવ દળ SDRF દ્વારા બચાવ કાર્ય ચાલુ છે.

ઘટનાસ્થળની મુલાકાતે આવેલા શ્રમ મંત્રી વિવેક વેંકટસ્વામીએ જણાવ્યું કે, વિસ્ફોટનું કારણ હજુ જાણી શકાયું નથી.

રાષ્ટ્રપતિ દ્રોપદી મૂર્મુએ સોશિયલ મિડિયા X પર પોસ્ટમાં જણાવ્યું કે, સાંગારેડ્ડીમાં આગ દુર્ઘટનાથી તેઓ ઊંડા શોકની લાગણી વ્યક્ત કરે છે. તેમણે મૃતકોના પરિવારજનોને સાંત્વના પાઠવી છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ પ્રધાનમંત્રી રાષ્ટ્રીય રાહત ભંડોળમાંથી મૃતકોના નજીકના સગાને બે લાખ રૂપિયા અને ઇજાગ્રસ્તોને 50 હજાર રૂપિયાનાં વળતરની જાહેરાત કરી છે.

. . . . . . . . . .

# J&K-AMARNATH YATRA

અમરનાથ યાત્રા અગાઉ સત્તાવાળાઓએ આજે જમ્મુમાં સરસ્વતી ધામ ખાતે ઓફલાઇન ટોકન વિતરણ કેન્દ્ર ખોલ્યું હતું. ઇચ્છુક યાત્રાળુઓ  સ્થળ પર નોંધણી માટે ટોકન મેળવવા માટે કેન્દ્રમાં ઉમટી પડ્યા હતા. સરસ્વતી ધામ ટોકન કેન્દ્ર ખાતે પહેલગામ અને બાલતાલ એમ બંને માર્ગો પર જનારા યાત્રાળુઓને ટોકનનું વિતરણ કરવામાં આવી રહ્યું છે. આવતીકાલે વૈષ્ણવી ધામ, પંચાયત ભવન અને મહાજન સભા કેન્દ્રો પર ઓફલાઇન નોંધણી શરૂ થશે.

યાત્રાળુઓની પ્રથમ ટુકડી બુધવારે જમ્મુ સ્થિત ભગવતી નગર બેઝ કેમ્પ યાત્રી નિવાસથી અમરનાથ માટે રવાના થશે. વાર્ષિક યાત્રાનું સરળ સંચાલન સુનિશ્ચિત કરવા માટે આજે જમ્મુ-શ્રીનગર રાષ્ટ્રીય ધોરીમાર્ગ પર વ્યવસ્થાની સમીક્ષા કરવામાં આવી હતી.

. . . . . . . . . . .

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ

newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

---

# GST Collection

નાણાકીય વર્ષ 2024-25માં ચીજવસ્તુ અને સેવા કર-GSTની વસૂલાત અગાઉનાં નાણાકીય વર્ષની સરખામણીમાં 9.4 ટકા વધીને 22 લાખ 80 હજાર કરોડ રૂપિયા થઈ છે.

એક યાદીમાં જણાવ્યા પ્રમાણે સરેરાશ માસિક વસૂલાત એક લાખ 84 હજાર કરોડ રૂપિયા થઈ હતી. માત્ર પાંચ વર્ષમાં જીએસટી આવક બમણી થઈ છે.

2020-21માં કુલ વસૂલાત 11 લાખ 37 હજાર કરોડ રૂપિયા હતી, અને સરેરાશ માસિક વસુલાત 95 હજાર કરોડ રૂપિયા હતા.

જીએસટી આવકમાં સતત વધારો મજબૂત કર અનુપાલન અને સાતત્યપૂર્ણ આર્થિક વૃધ્ધિ દર્શાવે છે. મે 2025માં કુલ જીએસટી વસૂલાત 16.4 ટકા વધીને બે લાખ એક હજાર કરોડ રૂપિયા થઈ હતી.

30 એપ્રિલનાં રોજ સક્રિય જીએસટી રજીસ્ટ્રેશનની સંખ્યા 1.51 કરોડ હતી.

. . . . . . . . . .

# IIP MAY

ભારતની ઔદ્યોગિક વૃદ્ધિમાં મે મહિનામાં 1.2 ટકાનો વધારો નોંધાયો હતો એમ આંકડાકીય મંત્રાલય દ્વારા પ્રસિદ્ધ કરવામાં આવેલા અહેવાલમાં જણાવાયું છે. ઉત્પાદન ક્ષેત્રે મે, 2024ની સરખામણીમાં 2.6 ટકાની વૃધ્ધિ નોંધાવી હતી. જોકે ખાણકામ ક્ષેત્રનું ઉત્પાદન 0.1 ટકા ઘટ્યું હતું, જ્યારે વીજ ક્ષેત્રમાં 5.8 ટકાનો ઘટાડો નોંધાયો હતો.

ધોરીમાર્ગ, રેલવે અને બંદર ક્ષેત્રમાં મોટી સરકારી પરિયોજનાનાં અમલીકરણને પગલે માળખાકીય ક્ષેત્રમાં 6.3 ટકાનો તીવ્ર વધારો નોંધાયો છે.

. . . . . . . . . .

# WIMBLEDON 2025

ટેનિસ કેલેન્ડરની ત્રીજી ગ્રાન્ડ સ્લેમ સ્પર્ધા વિમ્બલ્ડન 2025નો આજે લંડનના ઓલ ઈંગ્લેન્ડ ક્લબમાં પ્રારંભ થયો. પુરૂષ સિંગલ્સમાં, અમેરિકાના ફ્રાન્સિસ ટિઓફે એલ્મર મૂલરને હરાવીને બીજા રાઉન્ડમાં પહોંચી ગયા છે. વર્તમાન ચેમ્પિયન અલ્કારાઝ પ્રથમ રાઉન્ડમાં 38 વર્ષીય ફેબિયો ફોગનીની સામે પોતાના અભિયાનની શરૂઆત કરશે.

તાજેતરમાં ફ્રેન્ચ ઓપન જીતેલા અલ્કારાઝ વિશ્વનાં પ્રથમ ક્રમાંકિત જન્નિક સિનર અને 24 વારના ગ્રાન્ડ સ્લામ વિજેતા નોવાક જોકોવિક સામે રમીને પોતાનો ખિતાબ જાળવી રાખવા પ્રયત્ન કરશે.

વિમ્બલ્ડનમાં ભારતનાં તમામ ખેલાડીઓ ડબલ્સમાં ભાગ લઈ રહ્યા છે, જેમાં રોહન બોપન્ના, યુકી ભાંબરી, રિત્વિક બોલ્લિપલ્લિ, એન શ્રીરામ બાલાજીનો સમાવેશ થાય છે.

13 જુલાઈના રોજ પુરુષ સિંગલ્સની ફાઇનલ સાથે વિમ્બલ્ડન સમાપ્ત થશે.

..........

# WEATHER

હવામાન વિભાગે આગામી 7 દિવસ દરમિયાન કોંકણ, ગોવા, મધ્ય મહારાષ્ટ્રના ઘાટ વિસ્તારો અને ગુજરાતમાં ભારેથી અતિ ભારે વરસાદની આગાહી કરી છે.

હિમાચલ પ્રદેશમાં ભારે વરસાદથી અત્યાર સુધી 39 લોકોનાં મૃત્યુ થયા છે. છેલ્લાં બે દિવસથી અવરિત ભારે વરસાદને પગલે રાજધાની સિમલા સહિતનાં વિસ્તોરમાં જનજીવન ખોરવાઈ ગયું છે.

રાજ્યનાં વિવિધ ભાગોમાં ભૂસ્ખલન, મકાનો તૂટવાના તથા નદીઓ અને જળાશયોમાં જળસ્તરમાં વધારો થયો હોવાનાં અહેવાલ છે. હવામાન વિભાગે રાજ્યમાં છ જુલાઇ સુધી સતત ભારે વરસાદની આગાહી કરી છે.

..........

# Sensex, Nifty

સતત ચાર દિવસની તેજી બાદ ભારતીય શેરબજારોમાં સોમવારે નફારૂપી વેચવાલીને પગલે ઘટાડો નોંધાયો હતો. સેન્સેક્સ 452 પોઇન્ટ ઘટીને 83 હજાર 606 અને નિફ્ટી-50 121 પોઇન્ટ ઘટીને 25 હજાર 661 પોઇન્ટ પર બંધ રહ્યો હતો.

જો કે આનાથી વિપરીત, નિફ્ટી મિડકેપ 0.6 ટકા અને નિફ્ટી સ્મોલકેપ-100 0.5 ટકા વધ્યા હતા.

જાહેર શ્રેત્રની બેન્કોના શેરો વધતા નિફ્ટી પીએસયુ બેન્ક ઇન્ડેક્સ અઢી ટકા વધ્યો હતો. આ ઉપરાંત, આઇટી, કન્ઝ્યુમર ડ્યુરેબલ્સ, ફાર્મા, હેલ્થકેર, મિડિયા અને એનર્જી સેક્ટરમાં પણ તેજી નોંધાઈ હતી.

ડોલર સામે રૂપિયો 21 પૈસા ઘટીને 85.70 પર બંધ રહ્યો હતો.

. . . . . . . . . . .